# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૫૨ તા.૨૨-૦૮-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- દિન વિશેષ સાહિત્યની જાણકારી આપવા બાબત

સંદર્ભ :- ક્રમાંક : જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૩/૨૩૫૩૫-૬૫ તા.૧૪-૦૮-૨૦૨૩

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકોને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, જીસીઈઆરટી,ગાંધીનગર દ્વારા દિન વિશેષ સાહિત્યની રચના કરવામાં આવેલ છે. જુન થી ઓગષ્ટ માસના પ્રથમ તબકકાના દિન વિશેષની માહિતી જીસીઈઆરટીની વેબસાઈટ : gcert.gujarat.gov.in પર Resource Bank(GROWER) માં Documents વિભાગમાં મુકવામાં આવેલ છે. જે સંદર્ભેની માહિતી વિદ્યાર્થીઓને આપવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૨૨-૦૮-૨૦૨૩

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

સચિવ

ક્રમાંક : જીસીઈઆરટી/સીએન્ડઈ/ ૨૦૨૩/ ૨૩૫૩૫-૬૫
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (079) 23256808-39
નિયામક : (079) 23256808
ફેક્સ : (079) 23256812
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in
તારીખ: ૧૪/૦૮/૨૦૨૩
14 AUG 2023

પ્રતિ,
પ્રાચાર્યશ્રી,
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
તમામ

વિષયઃ દિન વિશેષ સાહિત્યની જાણ જિલ્લાની તમામ શાળાઓને કરવા બાબત.

સંદર્ભઃ (૧) શિક્ષણ વિભાગના રાજ્યની શાળાઓમાં બાલવૃંદની રચના સંદર્ભે કરવામાં આવેલ ઠરાવ ક્રમાંકઃ જશભ/૧૨૨૨/૧૦/ન તા. ૧૨/૧૦/૨૦૨૨

(૨) તા. ૧૦/૦૭/૨૦૨૩ની શાખાનોંધ પર માન. નિયામકશ્રીની મળેલ મંજૂરી

**શ્રીમાન,**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ- ૨૦૨૦ની પ્રસ્તાવના તથા પ્રકરણઃ ૪ના મુદ્દા નંબર- ૪.૨૦, ૪.૨૮માં વિશ્વની સંસ્કૃતિઓ, વૈશ્વિક જ્ઞાન, પરંપરાગત ભારતીય મૂલ્યો, બંધારણીય મૂલ્યો વગેરે અને પ્રકરણઃ ૨૨માં ભારતીય ભાષાઓ, કલા અને સંસ્કૃતિનું સંવર્ધન વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરવા અને તેનો પરિચય કરાવવા માટે જણાવવામાં આવેલ છે.

આ સંદર્ભે શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે જીસીઇઆરટી દ્વારા દિન વિશેષનું સાહિત્ય તૈયાર કરવામાં આવેલ છે. આ સાહિત્ય તૈયાર કરવાનો હેતુ વિદ્યાર્થીઓ વિવિધ બાબતો (વિશિષ્ટ દિવસો, વ્યક્તિઓ, ઘટનાઓ) થી અવગત થાય તે માટેનો છે. શાળા કક્ષાએ વિવિધ દિવસોની ઉજવણી સંદર્ભે શાળા કક્ષાએ કરવાની પ્રવૃત્તિઓ પણ તેમાં ઉદાહરણરૂપે આપવામાં આવેલ છે. શાળામાં યોજાતી પ્રાર્થનાસભામાં આ સાહિત્ય વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરવાના રહેશે. ઉપરાંત, શાળાઓમાં રચવામાં આવેલ બાલવૃંદના વિવિધ જૂથો દ્વારા પણ આ સાહિત્યમાં આપવમાં આવેલ પ્રવૃત્તિઓ કરવામાં આવે, તમામ વિદ્યાર્થીઓ તેમાં સક્રિયપણે ભાગ લે તે બાબત સુનિશ્ચિત કરવાની રહેશે.

એકસમાન બાબતો (દિવસો, વ્યક્તિઓ, ઘટનાઓ)નો અતિરેક ન થાય અને છતાં પણ વિદ્યાર્થીઓ તમામ બાબતો (દિવસો, વ્યક્તિઓ, ઘટનાઓ)થી માહિતગાર થાય તે ધ્યાનમાં રાખીને દિવસોની પસંદગી કરવામાં આવી છે.

હાલ પ્રથમ તબક્કામાં જૂન થી ઓગસ્ટ માસના દિન વિશેષ જીસીઇઆરટીની વેબસાઇટ gcert.gujarat.gov.in પર Resource Bank (GROWER) માં Documents વિભાગમાં મૂકવામાં આવેલ છે. વેબસાઇટ પર મૂકવામાં આવેલ દિવસો પૈકી જે દિવસો વીતી ગયા હોય તે સંદર્ભે પણ શાળાના વિદ્યાર્થીઓને માહિતગાર કરવાના રહેશે અને આવનાર દિવસો માટેની જાણકારી/પ્રવૃત્તિ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે. વધુમાં ઓગસ્ટ પછીના માસની વિગતો પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ બાબતની જાણ આપના જિલ્લાની તમામ શાળાઓને કરવા આથી જણાવવામાં આવે છે.

(ડૉ. આર. સરડવા)
સચિવ
જીસીઇઆરટી
ગાંધીનગર.

**નકલ સવિનય રવાના જાણ સારું.**

- માન. નિયામકશ્રી, જીસીઈઆરટી, ગાંધીનગર

सत्य मेव जयते
Govt. of Gujarat
પ્રાચાર્ય

NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

ક્રમાંકઃજશભ/સી એન્ડ ઇ/૨૦૨૩-૨૪/ 1688-90
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમદાવાદ શહેર
ગોતા ચોકડી પાસે, ગોતા ઓગણજ રોડ, અમદાવાદ
ફોન / ફેક્સઃ (૦૭૯) ૨૯૭૯૯૬૭૫૫
ઇ-મેઇલઃ diet-urban-ahd@gujarat.gov.in
**Web : www.dietahmdcity.org**
તારીખઃ ૧૭/૮/૨૦૨૩

---

**પ્રતિ**
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
શાસનાધિકારીશ્રી
અમદાવાદ

**વિષયઃ**- દિન વિશેષ સાહિત્યની જાણ તમામ શાળાઓને કરવા બાબત....

**સંદર્ભઃ**- ક્રમાંક/જીસીઇઆરટી/સીએન્ડઇ/૨૦૨૩/૨૩૫૩૫-૬૫ તારીખ ૧૪/૮/૨૦૨૩

શ્રીમાન,

સવિનય સહ ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે જીસીઇઆરટી ગાંધીનગર દ્વારા દિન વિશેષ સાહિત્યની રચના કરવામાં આવેલ છે. પ્રથમ તબકકામાં જૂનથી ઓગસ્ટ માસના દિન વિશેષ જીસીઇઆરટીની વેબસાઇટ gcert.gujarat.gov.in પર **Resource Bank (GROWER)** માં **Documents** વિભાગમાં મૂકવામાં આવેલ છે. વેબસાઇટ પર મુકવામાં આવેલ દિવસો પૈકી જે દિવસો વીતી ગયા હોય તે સંદર્ભે શાળાના વિધાર્થીઓને માહિતગાર કરવા સુચના આપવા વિનંતી અને આવનાર દિવસો માટેની જાણકારી/પ્રવૃત્તિ થાય તે માટે સુચના આપવા વિનંતી. આ સાથે જીસીઇઆરટી ગાંધીનગરનો પત્ર સામેલ છે.

**પ્રાચાર્ય**
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
અમદાવાદ-શહેર

**બિડાણઃ**- જીસીઇઆરટી ગાંધીનગરનો પત્ર
**સવિનય નકલ રવાના જાણ સારૂઃ-**

- સચિવશ્રી
  જીસીઇઆરટી, ગાંધીનગર